સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પૂજન કરો વિષ્ણુનું લક્ષ્મીજી દોડતાં આવશે...
કમાણી કરો સત્યનિષ્ઠાથી તો ખોળતાં આવશે.
ઉડતાં આવશે પ્રમાણિક પરિશ્રમની સુવાસે -
કરશે ધન-વર્ષા, ફૂલઝરી ફોડતાં આવશે.
(ધનતેરસની હાર્દિક શુભેચ્છાઓ)

હાઈકુ

શુભ લક્ષ્મીની
કરો આરાધના તો-
ધન-તેરસ...

વિષ્ણુ પૂજાથી
થાય છે ધનવર્ષા
ધનતેરસે...

ચિંતન

વિષાદપ્યમૃતં ગ્રાહ્યમમેધ્યાદપિ કાચનમ્ ।
નીચાદપ્યુત્તમા વિદ્યા સ્ત્રીરત્નં દુષ્કુલાદપિ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્ય નીતિમાંથી લેવામાં આવેલ છે.

વિષમાં પણ યદિ અમૃત હોય તો તેને ગ્રહણ કરી લેવું જોઈએ. અપવિત્ર અને અશુદ્ધ વસ્તુઓમાં પણ યદિ સોનું અથવા મૂલ્યવાન વસ્તુ પડી હોય તો તેને પણ ઉપાડી લેવી જોઈએ. યદિ કોઈ નીચ મનુષ્ય પાસે સારી વિદ્યા, કલા અથવા ગુણ હોય તો તેને શીખવામાં કોઈ હાનિ નથી. એ જ પ્રમાણે દુષ્ટ કુળમાં ઉત્પન્ન સારા ગુણો યુક્ત સ્ત્રીરુપી રત્નને ગ્રહણ કરી લેવું જોઈએ.

વ્યક્તિએ પ્રયત્ન કરવો જોઈએ કે જયાંથી પણ કોઈ સારી વસ્તુની પ્રાપ્તિ થઈ શકે અથવા કોઈ કલા શીખવાનો અવસર પ્રાપ્ત થાય તો એ અવસર ગુમાવવો ન જોઈએ.

સુવિચાર

- કામયાબી હાથોં કી લકીરોં મેં નહીં મેં નહીં, માથે કે પસીને મેં હોતી હૈ - **સુદર્શન શાસ્ત્રી**
- વખાણે મલકવું નહીં એ નિંદાએ ડરવું નહીં, બંને આત્મચિંતનની પળ છે એ ભૂલવું નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- લોકો આપણને જાણવા કરતા, ધારણાઓથી વધુ ઓળખતા હોય છે - **આચાર્ય ધર્મલાભ સૂરીશ્વરજી**
- શ્રવણ, સ્મરણ અને આચરણ - આ ત્રણ ના આવવાથી સંસારનું રણ આસાનીથી પસાર થાય - **મોરારિ બાપુ**
- સર્જનહારે કમ્પ્યુટરમાં બધો જ પ્રોગ્રામ આપેલો જ છે, આપણે તેનો માત્ર ઉપયોગ કરવો હોય છે બધું જ અસ્તિત્વ એ આપેલું જ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જે લયમાં નથી રહેતો, તેનો પ્રલય થઈ જાય છે - **અનામી**
- આજનું ઔષધ : તપ પાઉડરને પાણીમાં ગરમ કરી તેને પેસ્ટ જેવું બનાવી લમણાંમાં લેપ કરવાથી શરદી-જુખામમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાને વૈરાગ્ય આવવાથી જંગલમાં નિવાસ કર્યો. ભિક્ષાથી જીવન ગુજારો કરતા. જગત પ્રત્યે કોઈ જ મોહ રહ્યો નહીં. તે સાચા સંત તરીકે ખ્યાતિ પામ્યો. એની પરીક્ષા લેવાના હેતુથી બીજો એક યોગી એની ઝૂંપડીમાં આવ્યો. એક દિવસ તે ભિક્ષા લાવીને ખાવાની તૈયારીમાં હતો, એવામાં આળેલા યોગીએ તેના હાથ પર લાત મારી ખાવાનું જમીન પર ઢોળી નાખ્યું. આવું કરતાં છતાં રાજયોગીએ ઢોળાઈ ગયેલું ભોજન વીણી ખાવાનું શરૂ કર્યું. પેલા મહેમાન યોગીએ ફરીથી તે પણ ઝાપટ મારી પાડી નાખ્યું. આવું થતાં રાજયોગી બોલ્યા, 'મહારાજ આમ શું કામ કરો છો??' આ સાંભળી આવનાર યોગી પ્રસન્ન થયા અને કહ્યું, આપના વૈરાગ્ય ને ધન્ય છે! હું એવું માનતો હતો કે રાજપાટ છોડી જંગલમાં વસનાર રાજાને માનરૂપી મોટો શત્રુ હજી વળગેલો હશે.' રાજયોગીએ નમ્રતા સાથે કહ્યું, 'મહારાજ!' રાજપાટનો ત્યાગ કરતી વખતે માન અને ક્રોધને પણ તેની સાથે જ મૂકીને આવ્યો છું. અહીં આત્મારૂપે હું એકલો જ રહું છું.' આવનાર યોગીએ રાજયોગીની વૈરાગ્યનિષ્ઠાથી પ્રસન્ન થઈ આશીર્વાદ આપી વિદાય લીધી.

શાળાઓ ખૂલશે પણ બાળકો વગર જ

તંત્રીસ્થાનેથી...

કોરોનાની સૌથી વધારે નકારાત્મક અસર શિક્ષણ પર થવા પામી છે. એકાએક કે.જીથી લઈ યુનિવર્સિટીનાં અનુસ્તાનક ભવનોને લોકડાઉન લાગ્યું જે 'અનલોક-૫'નો તબક્કો પૂરો થવા આવ્યો તો પણ યથાવત જ રહ્યું છે. શિક્ષકોને ભણાવવું છે અને વિદ્યાર્થીઓને ભણવું પણ છે - સામે કોરોનાનો વિકરાળ હાઉ મોં ફાડીને ઊભો છે, જેના નામ માત્રથી વાલીઓના જ નહીં, સંચાલકો અને સરકારના હાંજા ગગડી જાય છે. આખરે કયાં સુધી બાળકોને ઘરના પાંજરામાં પુરાઈ રહેવાનું ફાવે? એમને તો શાળાએ પહોંચી જઈ ભાઈબંધ દોસ્તારો સાથે રમવું છે, ભણવું છે - અને આગળ ઉપર સારી કારકિર્દી પણ બનાવવી છે. પરંતુ કોરોનાની ધાક એવી છે કે નથી તો સરકારહિંમત કરી શકતી, નથી સંચાલકો જોખમ વહોરવા તૈયાર અને વાલીઓ કે માતાપિતા માટે તો બાળકની કારકિર્દી કરતાં એની જિંદગી જ વધારે અગત્યની હોય તે સમજી શકાય એમ છે. આથી સરકારે ઓનલાઈન એજ્યુકેશનનો કન્સેપ્ટ અમલમાં મૂકવાની ઊડઝૂડ વ્યવસ્થા કરાવી ખરી પણ એથી કોઈ ભલીવાર ન આવી. બાળક માટે શિક્ષક એ કદાચ ઈશ્વર પછીનું બીજું સ્થાન ધરાવતી હસ્તી હોય છે. એ માબાપનાં લાડથી બગડી જઈ એમની સાથે તો કયારેક અવિવેક પણ કરી બેસે, પણ શિક્ષકની આમન્યા રાખે છે. એનાથી એ ડરે છે અને છતાં જાણે છે કે સાહેબ પાસ કરશે તો જ ઉપલાં ધોરણમાં જવાશે અને આગળ ઉપર સારી લાઈન પકડી શકાશે. શિક્ષક નેપથ્યમાં રહીને કે વર્ચ્યુઅલ કલાસ લઈને ભણાવે અને સીધો જ વર્ગખંડમાં ભણાવે એમાં આસમાન જમીનનું અંતર રહે છે. વળી બધાં બાળકોના વાલીઓ સ્માર્ટફોન કે કોમ્પ્યુટર વસાવી શકે એટલા સધ્ધર પણ ન હોય. કદાચ પૈસે ટકે સુખી હોય પણ મોબાઈલ - કમ્પ્યુટર પૂરતો તો સાવ જ 'અભણ' હોય એમ પણ બને. એટલે ઓનલાઈન શિક્ષણ પાછળ સરકાર એક સંચાલક મંડળો ગમે તેટલી જહેમત ઉઠાવે તો પણ સમાજના એક મર્યાદિત વર્ગ સુધી જ એનો લાભ પહોંચાડી શકે એમ છે. આ તમામ અખતરા કર્યા વગર છૂટકો જ ન હતો, અને સચાલક મંડળો ગમે તેટલી જહેમત ઉઠાવે તો પણ સમાજના એક મર્યાદિત વર્ગ સુધી જ એનો લાભ પહોંચાડી શકે એમ છે. આ તમામ અખતરા કર્યા વગર છૂટકો જ ન હતો, કારણ કે લોકડાઉન ગાળામાં જેમને સૌથી વધુ સંક્રમણ શકયતાવાળું ટાર્ગેટ ગ્રુપ ગણવામાં આવેલ છે એમાં વૃદ્ધો જેટલા જ બાળકો પણ વાઈરસનો શિકાર બની શકે છે. સરકારે વિદ્યાર્થીઓનું વરસ ન બગડે એ માટે પ્રામાણિક પ્રયત્નો કરી ઓનલાઈન અને ઓફલાઈન પરીક્ષાઓ યોજી હતી. હવે જયારે કોરોના સંક્રમણનો કોપ ઓછો થવા લાગ્યો છે ત્યારે ગુજરાત સરકારે કેન્દ્રની સુનિશ્ચિત ગાઈડલાઈનના કડલ અમલ સાથે દિવાળી પછી શાળા-કૉલેજો ખોલવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય કરતાં પહેલાં શિક્ષણમંત્રીએ અનેક તજજ્ઞો અને સંચાલક મડળો સાથે ગંભીર પરામર્શ કરેલ છે. જો કે સરકાર અને સંચાલક મંડળ પૈકી કોઈ બાળકની જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. કોરોના અંગેના તમામ નીતિનિયમોના કડક અમલ પૂરતી જવાબદારી ખરી; પરંતુ બાળકોને મોકલવાનું કે નહીં તે વાલી જ નક્કી કરશે. એની જવાબદારી સરકાર કે સંચાલક મંડળ લેવા તૈયાર નથી. કારણ કે કોરોના કયારે વકરશે અને કયાં ત્રાટકશે તે કહેવું મુશ્કેલ છે. દિલ્હીમાં એનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. વળી હવે તો શિયાળો બેઠો છે, જે કોરોના વાઈરસ માટે સાનુકૂળ ઋતુ છે. આથી સરકારે બીતાં બીતાં ઓડ-ઈવન (એકી-બેકી) વ્યવસ્થા મુજબ ૯ થી ૧૨ ધોરણના હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને અઠવાડિયામાં ત્રણ ત્રણ દિવસ ભણાવવાની વ્યવસ્થા કરાવવાનો નિર્ણય કર્યો છે. આઠમા ધોરણ સુધીનાં એટલે કે પ્રાથમિક શિક્ષણ શાળાનાં બાળકોને તો ઘરે રહીને જ ઓનલાઈન શિક્ષણ અપાતું રહેશે, પણ કૉલેજના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ, ઈજનેરી-મેડિકલ અને પેરામેડિકલ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ તથા અનુસ્નાતક વર્ગોના વિદ્યાર્થીઓ પૂરતી શાળા-કૉલેજો ધમધમતી થાય એવી શક્યતા છે. જો કે વાલીઓ તો પોતાના જિગરના ટુકડા સમાં બાળકોને શાળાએ મોકલવાનું જોખમ લેવા ભાગ્યે જ તૈયાર થશે. સુરતના કોઈ વાલીએ તો રોકડું પરખાવ્યું છે કે અમારે અમારાં લાડકવાયાંને ડેથ સર્ટિફિકેટ લેવા શાળાએ મોકલવાનાં હોય તો અમે કયારેક નહીં મોકલીએ. એમનું એકાદ વરસ બગડશે તો ચાલશે; જિંદગી બચી જવી જોઈએ. સરકાર માટે પણ આ પ્રશ્ન ભારે શિરોવેદના સરજી રહ્યો છે. રસી આવે અને સંપૂર્ણ રસીકરણ થયા પછી જ શાળા કૉલેજો ખૂલે તો તો હજી બીજાં બે વરસ રાહ જોવી પડે!

આજના દિવસે સૂર્યોદય પહેલાં સ્નાન કરે, તેને નરકની પ્રાપ્તિ ન થાય

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ અસુર હતો. નરક એનું નામ.

આસો મહિનાની સૂદ અને વદ - બંનેની ચૌદશ તિથિ એની સાથે સંકળાઈ ગઈ. (૧) સૂર્ય ચૌદસ - જન્મતિથિ (૨) વદ ચૌદશ મૃત્યુતિથિ.

(૧) પૃથ્વીને હિરણ્યાક્ષે કેદ કરીને પાતાળમાં રાખી. ભગવાન વિષ્ણુએ વરાહનો અવતાર લીધો. દંતશૂળ ઉપર બેસાડીને એનો ઉદ્ધાર કર્યો. જળમાંથી બહાર લઈ આવ્યા. અસુરનો વધ કર્યો. ભગવાનના પવિત્ર સ્પર્શને કારણે પૃથ્વીને પુત્રની પ્રાપ્તિ થઈ. એ ભૂમિનો પુત્ર હતો. એથી ભૌમાસુર તરીકે જાણીતો થયો. એ આ નરક હતો.

(૨) એ પ્રાગજયોતિષપુર (આસામ)નો રાજા હતો. એની આ કુટેવ - એને કોઈકની કોઈ વસ્તુ ગમતી હોય, તો એ વસ્તુ એની પાસેથી પડાવી લે. એનો ત્રાસ વધી ગયો.

એકવાર એ સ્વર્ગમાં ગયો. એણે જોયું - 'દેવમાતા અદિતિનાં કાનના કુંડળોમાંથી અમૃત ઝરતું હતું. એણે આ કુંડળો પડાવી લીધા. હવે એને ઈન્દ્રનો હાથી ઐરાવત લઈ લેવો હતો.'

દેવરાજ ઈન્દ્ર ગભરાઈ ગયા. દોડીને દ્વારિકા આવ્યા. શ્રીકૃષ્ણને મદદ માટે આર્જવભરી વિનંતીઓ કરવા લાગ્યા. 'સંસારને આના ત્રાસમાંથી છોડાવો.'

શ્રીકૃષ્ણ ગરુડ ઉપર બેઠા. સત્યભામાને સાથે લીધા. પ્રાગ્જયોતિષપુરની ફરતી સો જોજનની કાંટાની વાડ હતી. નરકના મિત્ર મુરે આ બનાવેલ. શ્રીકૃષ્ણે પોતાના સુદર્શન ચક્રથી વાડ ભેદી નાખી. મુરનો વધ કર્યો.

નરકાસુર યુદ્ધ માટે તૈયાર હતો. એ હાથી ઉપર હતો. શ્રીકૃષ્ણે એને નીચે પછાડ્યો. પોતાનું સુદર્શન ચક્ર ફેંકીને એનો વધ કર્યો.

પરંતુ પોતે મૃત્યુ પામે એ પહેલાં, શ્રીકૃષ્ણે પ્રમાણ કરીને, વિનંતી કરી. 'આજે આસો વદ ચૌદશ - મારી મૃત્યુ તિથિ. આજના દિવસે, જે કોઈ વ્યક્તિ સૂર્યોદત પહેલાં સ્નાન કરી લે; એને નરકની ગતિ, મૃત્યુ પછી, પ્રાપ્ત ન થાય.' શ્રીકૃષ્ણે 'તથાસ્તુ' કર્યું. પોતાની તરફથી ઉમેર્યું - 'આ તિથિ, આસો વદ ચૌદશ - નરક ચતુર્દશી તરીકે ઓળખાશે.' ભૌમાસુરનું મૃત્યુ થયું.

હવે પૃથ્વી શ્રીકૃષ્ણ પાસે આવી. એણે અદિતિના કુંડળો પાછા સોંપ્યા, શ્રીકૃષ્ણે પ્રાગ્જયોતિષપુરના રાજા તરીકે નરકના પુત્રનો અભિષેક કર્યો.

શ્રીકૃષ્ણ સત્યભામા સાથે ગરુડ ઉપર બેસીને સ્વર્ગમાં આવ્યા. કુંડળો અદિતિને સોંપ્યા. અદિતિએ સત્યભામાને આશીર્વાદ આપ્યા. 'તારું ચીરયૌવન અને સૌભાગ્ય જળવાઈ રહે.'

દેવો આનંદમાં હતા. બીજા દિવસે ખુશીથી દીવાઓની હારમાળા પ્રગટાવી આથી આ દિવસ બની ગયો - 'દીપાવલી' દિવાળી.

કયું વિટામીન સનસાઈન વિટામીન કહેવાય છે?

વિજ્ઞાન જગત

ખજાનો
અનિલ પટેલ

૧ દૂધમાંથી કયા વિટામીનનો અભાવ હોય છે ?
(અ) વિટામીન એ (બ) વિટામીન બી
(ક) વિટામીન સી (ડ) વિટામીન ડી

૨ ૧૮ કેરેટ ગોલ્ડમાં કેટલા ટકા શુદ્ધ સોનું હોય છે ?
(અ) ૨૫ ટકા (બ) ૫૦ ટકા
(ક) ૭૫ ટકા (ડ) ૧૦૦ ટકા

૩ સૌથી વજનદાર પ્રવાહી કયું છે ?
(અ) કુદરતી તેલ (બ) પારો
(ક) દિવેલ (ડ) પામોલીન

૪ રાંધણ ગેસમાં લીકેજ જાણવા તીવ્ર ગંધ વાળો કયો વાયુ ઉમેરવામાં આવે છે ?
(અ) મરકેપ્ટન (બ) સલ્ફર ડાયોકસાઈડ
(ક) એમોનિયા (ડ) કલોરીન

૫ ડુંગળી કે લસણની ગંધ શાને આભારી છે ?
(અ) સલ્ફર (બ) નાઈટ્રોજન
(ક) હાઈડ્રોજન (ડ) પોટેશિયમ

૬ વેસેકટોમી શું છે?
(અ) પુરુષ નસબંધી (બ) સ્ત્રી નસબંધી
(ક) ગર્ભપાતની પદ્ધતિ (ડ) લોહી શુદ્ધ કરવાની રીત

૭ ઓસ્ટોમેલેશિયા રોગ કયા વિટામીનની ખામીથી થાય છે ?
(અ) વિટામીન-એ (બ) વિટામીન બી
(ક) વિટામીન - સી (ડ) વિટામીન ડી

૮ એથ્લીટ ફુટ રોગ શાના લીધે થાય છે?
(અ) જીવજંતુ (બ) બેકટેરીયા
(ક) ફૂગ (ડ) વાયરસ

૯ નીચેનામાંથી કયા પ્રાણીના શરીરમાં દાંતની સંખ્યા વધુ હોય છે ?
(અ) કૂતરામાં (બ) ઘોડામાં
(ક) સિંહમાં (ડ) ગાયમાં

૧૦ કયું વિટામીન સનસાઈન વિટામીન કહેવાય છે?
(અ) વિટામીન એ (બ) વિટામીન બી
(ક) વિટામીન - સી (ડ) વિટામીન ડી

૧૧ સાંજના સમયે મેઘધનુષ્ય કઈ દિશામાં જોવા મળે છે ?
(અ) પૂર્વ (બ) પશ્ચિમ
(ક) ઉત્તર (ડ) દક્ષિણ

૧૨ માનવ શરીરમાં કુલ કેટલી માંસપેશીઓ હોય છે ?
(અ) ૨૧૩ (બ) ૨૧૪
(ક) ૬૧૦ (ડ) ૬૩૯

૧૩ માનવ શરીરનું સૌથી મોટું અંગ કયું છે ?
(અ) ત્વચા (બ) માથુ
(ક) હૃદય (ડ) ફેફસાં

૧૪ ડેન્ગ્યુ રોગમાં શરીરનું કયું અંગ પ્રભાવિત થાય છે?
(અ) મસ્તિસ્ક (બ) લીવર
(ક) હૃદય (ડ) માંસપેશી અને સાંધા

૧૫ કયા વૈજ્ઞાનિકનું નામ ટિસ્યુ કલ્ચર સાથે સંકળાયેલ છે ?
(અ) ડૉ. એ સી માહેશ્વરી (બ) ડૉ. કે સી મહેતા
(ક) જગદીશ ચંદ્રબોઝ (ડ) હરગોવિંદ ખુરાના

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૧૩ નવેમ્બર : વર્લ્ડ કાઈન્ડનેશ ડે
  - સાહિત્યકાર મકરંદ દવેનું નિધન (૨૦૦૫)
  - ગણિતજ્ઞ અને ખગોળશાસ્ત્રી ભાસ્કરાચાર્યનો જન્મદિવસ (૧૧૮૩)
  - ઉત્તર કોલંબીયામાં ફાટેલા જવાળામુખીએ ચાર શહેરોને ભસ્મીભૂત કર્યો.
- ૧૪ નવેમ્બર : બાલ દિવસ
  - પંડિત જવાહરલાલ નહેરુનો જન્મદિવસ (૧૮૮૯)
  - સાહિત્યકાર દિલીપ રાણપુરાની જન્મજયંતિ (૧૯૩૨)
  - ગાંધીજીના હત્યાકાર ગોપાલ ગોડશેને ફાંસી અપાઈ (૧૯૪૯)
- ૧૫ નવેમ્બર :
  - ૨૮ વર્ષની ઉંમરે અકાળ જેમનું મૃત્યુ થયું તેવા સાહિત્યકાર રાવજી પટેલની જન્મજયંતિ (૧૯૩૯)
  - 'બાળકોની મૂંછાણી મા' તરીકે જાણીતા થયેલા ગીજુભાઈ બધેકાનો જન્મદિવસ (૧૮૮૫)
  - વિનોબા ભાવેની પુણ્યતિથિ (૧૯૮૨)
  - ટેનિસ પ્લેયર સાનિયા મિર્ઝાનો જન્મદિવસ (૧૯૮૬)
- ૧૬ નવેમ્બર : રાષ્ટ્રીય પત્રકારિતા દિવસ / વર્લ્ડ ટોલરન્સ દિવસ
  - 'મોત પર મનન' ના લેખક અને સમર્થ અંગ્રેજી અધ્યાપક ફિરોઝ દા. દાવરની જન્મજયંતિ (૧૮૯૨)
  - સ્કાય લેબન્ઝ લોન્ચ કરાયું (૧૯૭૩)
  - વોલ્ટ ડિઝની અંગે પહેલી સાર્વજનિક જાહેરાત થઈ (૧૯૬૫)
- ૧૭ નવેમ્બર : નેશનલ એપિલેટ્સ (વાઈ દિવસ) ડે.
  - લાલા લજપતરાયનું અવસાન (૧૯૨૮)
  - રશિયામાં રાજાશાહી નાબૂદ થઈ અને પ્રજાસત્તાક બન્યું (૧૯૧૭)
  - હાર્ડ હીટર બેટ્સમેન યુસુફ પઠાણનો જન્મદિવસ (૧૯૮૨)
  - શિવસેનાના સ્થાપક બાલ ઠાકરેનું નિધન (૨૦૧૨)
- ૧૮ નવેમ્બર :
  - અનંતરાય રાવળની પુણ્યતિથિ (૧૯૮૮)
  - બેલ ટેલિફોન દ્વારા પ્રથમ પુશબટન ફોન શરૂ કરાયો (૧૯૬૩)
  - મહારાજા જયસિંહ બીજાએ જયપુર શહેરની સ્થાપના કરી (૧૭૨૭)
  - સાહિત્યકાર જયંતિ દલાલનો જન્મદિવસ (૧૯૦૯)
- ૧૯ નવેમ્બર : આંતરરાષ્ટ્રીય પુરુષ દિવસ
  - ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનો વારાણસીમાં જન્મ (૧૮૨૮)
  - નવી દિલ્હીમાં નવમા એશિયાડ રમતોત્સવનો પ્રારંભ (૧૯૮૨)
  - ઐશ્વર્યા રાયને વિશ્વ સુંદરીનો તાજ મળ્યો (૧૯૯૪)
  - કલ્પના ચાવલા અંતરિક્ષમાં જનારી પ્રથમ ભારતીય મહિલા બની (૧૯૯૭)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં ગુજરાતના કયા પૂર્વ મુખ્યમંત્રીનું નિધન થયું?
જવાબ : કેશુભાઈ પટેલ

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) જયેન્દ્રપ્રકાશ પાઠક : ઈન્ફો સા. કૉલેજ (૩) ઋજિત રાવલ : સે-૭ડી (૪) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૫) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૬) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) રૂચિત પટેલ : રાંદેસણ

આ સપ્તાહનો સવાલ

બિહારના મુખ્યમંત્રી તરીકે કોની વરણી કરવામાં આવી છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

'ડખા' વાળી તોય દિવાળી ઊજવીએ ઉમંગે બધું વિસારી

હળવે હૈયે
પ્રકાશ લાલા

આજે ધનતેરસ... આપણા સૌથી મોટા તહેવાર 'દિવાળી'ના પાંચ સપરમા દિવસોના પ્રારંભનો દિવસ. જો કે આ વખતે 'દિવાળી' પહેલાં જ દિવાળીના દીવડા ઝગમગે, ફટાકડાના ધૂમધડાકા થાય એ પૂર્વે જ ફટાકડા નામે તડાફડી ને ધડાધડ શરૂ થયેલી જોવા મળે છે...

ફટાકડા નામમાં, એની ઉપરનાં ચિત્રોમાં દેવી-દેવતાના ફોટા નામનો ઉપયોગ ના જોઈએ એ મુદ્દે થઈ રહેલી ધડાધડીની વાત છે... એનાથી ધાર્મિક લાગણી દુભાય છે એમ કહીને થઈ રહેલા વિરોધની તડાફડીની વાત છે... 'લક્ષ્મી બોંબ' નામ (ફટાકડાને ફિલ્મમાં) નહીં ચાલે.... વર્ષોથી 'લક્ષ્મી છાપ ટેટા' ફોડતા આવ્યા છે એનું સૂરસૂરિયું થઈ જવાનું!!

આમ તો આ દિવાળીમાં કોરોના અને મંદીના માહોલના કારણે દારુખાનું ફૂટવાનો સંભવ છે. વળી, ફટાકડાના ધૂમાડાથી કોરોનાના દર્દીઓને વધુ તકલીફ થાય એવી તબીબોની ચેતવણી તથા પ્રદૂષણ વધવાની ચિંતાના પગલે કચરો ના કરે, મોટા ધડાકા - અવાજ ના કરે, ધૂમાડો ના ફેલાવે એવા જ ફટાકડા ફોડવાની સરકારી સૂચના અન્વયે આ વખતે દિવાળીમાં ઓછું દારુખાનું ફૂટશે... મતલબ.... મોડી રાત સુધી ચાલતી આતશબાજી - ધડાકા - ભડાકાનું સૂરસૂરિયું. ખરું કે નહીં? (જો સરકારી ફરમાનનું લોકો સમજીને સ્વયં ચુસ્તપણે પાલન કરે તો, બાકી પોલીસ કંઈ ગલીએ ગલીએ, ચોકઠે ચોકઠે ચેકિંગ કરવા થોડી જઈ શકવાની છે?)

હજી તો દિવાળીની ઊજવણીમાં ફટાકડા ફોડવા કે ના ફોડવા, કેવા કેવા ને કેટલા ફોડવા એ માથાફોડી ઘરમાં ચાલે છે એમાં પાછો ઓર ગૂંચવાડો કર્યો છે પંચાગની તિથિઓએ. કોરોનાના કારણે 'અતિથિ' કહેતાં મહેમાનો નહીં આવે પણ તિથિઓએ આ 'દિવાળી' એ ભારી કરી છે. ચીન જેમ ભારત ભૂમિમાં ઘૂસણખોરી કરે છે એમ આ વખતે ધનતેરસમાં ચૌદસ કાળી ચૌદસે ઘૂષણખોરી કરી છે. આ સંદર્ભે ધનતેરસની પૂજા કેટલા વાગે, કરવી એ મૂંઝવણ ઓછી હોય એમ આસોની અમાસ દિવાળીને આવી જવાની બહુ ઉતાવળ હોય એમ છે. કાળી ચૌદસને પતવાની વાટ જોવા રોકાયા વગર પધરામણી કરે છે... ચૌદસમાં અમાસની ઘૂષણખોરી જ કહેવાયને ! તિથિઓની આ ઉતાવળના લીધે દિવાળી બેસતા વર્ષ વચ્ચે 'ખાડો' પડ્યો છે. હવે આ 'પડતર' દિવસે શું કરવાનું ? સારું છે કે રવિવાર છે એટલે નોકરીએ જવું નહીં પડે પણ 'પડતર' દિવસની ઊજવણી વિશે શાસ્ત્રોમાં કોઈ વિશેષ માર્ગદર્શન હોવાનું જાણ્યું નથી... એ ય સમજ્યા પણ પાછું બેસતું વર્ષ અને ભાઈબીજ ભેગાં.... ભાઈબીજને ય ઉતાવળ, તે કરી દીધું આક્રમણ !! અલ્યા ભાઈ, બાર મહિનાના આપણા મહત્ત્વના મોટા આ તહેવારના પાંચ દિવસના આનંદ-ઉમંગમાં કાપકૂપ ? કોઈ સપરમો દહાડો આખે આખો નહીં ઊજવવાનો આપણે? ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતુ વર્ષ, ભાઈબીજ બધું વારાફરતી એમના ક્રમમાં આવવાના બદલે તોડફોડ કરીને આવે એય 'ડખો' જ ને !! ખેર, 'પંચાગ'ને 'પંચાગકારો' ના આ 'ડખા પંચક'માં આપણું કંઈ ચાલવાનું નથી... માટે જે જેટલું મળે તે માણી લેવામાં જ શાણપણ છે એમ સમજવું રહ્યું.

બાકી 'ડખા' તો ઘરમાં ય કયાં નથી થતાં? દિવાળીમાં ઘરના સુશોભન માટે કંઈ લાવવું છે કે નથી લાવવું ? લાવવું છે તો શું લાવવું? એ બાબત ઘરનાં બે સભ્યોનું સૂચન એક હોય અને બીજા ત્રણનો મત અલગ હોય ત્યારે એ વિશે સર્વ સંમતિ સાધવામાં કયારેક 'ડખો' થતો હોય છે. લાવ્યા પછી એને કયાં ગોઠવવી ને કોણ ગોઠવશે એ વિશેષ 'ડખા' પડતા હોય છે... જમવાનું 'મેનુ' નકકી કરવા બાબત ફરવા જવા માટે સ્થળની પસંદગી અંગે ય ભારે ચર્ચા સૂચનો-સલાહના મારાથી 'ડખા' સર્જાતા સૌએ અનુભવ્યા જ હશે ને... આમાં સાદો નિયમ એવો છે કે ડાહ્યા (અહીં દોઢડાહ્યા એમ ન સમજવા નમ્ર વિનંતી)- વિચારશીલ વ્યક્તિઓએ વચ્ચે કોઈ પણ મુદ્દે આ પ્રકારે 'ડખા' થવા સ્વાભાવિક છે. પરંતુ એ ડખા ઉગ્ર સ્વરુપ ધારણ ન કરતાં અંતે શાંત પડે અને મનદુ:ખ, કલેશ-કહણમાં ન ફેરવાય એવું શાણપણ પણ ડાહ્યા માણસોમાં હોય છે એટલે ચિંતા કરવાની જરૂર નથી.

બાકી આ દિવાળીએ ખરો ડખો તો અમારા લાલાકાકા - રેડ અંકલને પડવાનો છે. પૂછો કેમ? સોસાયટીમાં સૌથી વડીલ હોવા છતાં રેડ અંકલ દર વર્ષે સામા પગલે ઘરે ઘરે 'હેપ્પી ન્યુ ઈયર' કહેવાને આશીર્વાદ ર આપવા સામા પગલે પહોંચી જાય છે ને સૌના ઘરે જુદા જુદા પ્રકારનો દિવાળીનો નાસ્તો ચાખી આવે.... ના, ના... ખાઈ આવે છે.. એમાંય જેના ઘરે જે આઈટેમ ભાવી ગઈ હોય તેને ત્યાં ગૃહિણીને 'વાહ.. મઠિયા તો તમારા હાથમાં જ હોં! કહેવું પડે..' એમ બોલે એટલે ગૃહિણી ખુશ થઈ બીજાં બે મઠિયા ડીસમાં મૂકે... અમારા અંકલ પ્રેમથી (અહીં શરમ વગર એમ ચોક્કસ માનવું) ઝાપટી જાય... કોઈ ઘરે 'બસ, આનું નામ ઘૂઘરા... આવા ઘૂઘરા મેં કયાંક ચાખ્યા નથી....' કહી ઘૂઘરા જમાવે. પણ આ દિવાળીએ કોરોનાના કારણે કોઈ કોઈના ઘરે જવાનું ન હોવાથી લાલાકાકાને આવા નાસ્તા ઝાપટવામાં 'ડખો' થવાનો કે નહીં? વેરી બીગ લોસ ટુ રેડ અંકલ....

પણ એમને ગળા સુધી ખાતરી છે કે રેડ અંકલ નૂતન વર્ષના નવલા પ્રભાત સુધીમાં આ અંગે કોઈક જોરદાર 'આઈડિયા' અજમાવી 'ડખો' દૂર કરી દેશે...

જોઈએ ને ત્યાં સુધી આપ સૌને અમારા તરપથી શુભ દિવાળી અને નૂતનવર્ષની આગોતરી શુભેચ્છાઓ કે 'ડખા' વાળો આ વર્ષનો દિવાળી ફેસ્ટિવલ સૌ બધું ભૂલી, આનંદ-ઉમંગથી, ભાવ-પ્રેમથી ઊજવીએ...